# આ સૃષ્ટિમાં એક જ વસ્તુ કાયમી છે, પરિવર્તન

## કેલિડોસ્કોપ ––મોહમ્મદ માંકડ

**આપણને ગમે કે ન ગમે જીવનમાં નવું નવું બનતું જ રહેવાનું છે. પરિવર્તન આવતું જ રહેવાનું છે. પરિવર્તન એ ચેતન અને જડ બંને ઉપર અસર કરે છે. માનવીની પરિવર્તનને સ્વીકારવાની ક્ષમતા ઘટતી જાય તેમ તેનામાં જડ તત્ત્વ વધતું જાય છે**



જિંદગી બહુ ઝડપથી બદલાતી જાય છે. જે સંગીત મધુર અને કર્ણપ્રિય હોય તેને જ સંગીત કહી શકાય એમ આપણે માનીએ છીએ, પરંતુ આધુનિક સંગીતમાં લય છે, મધુરતા નથી. ઘોંઘાટ કહી શકાય અને કાન ફાડી નાખે તેવા અવાજો માત્ર છે, છતાં એ સંગીત કહેવાય છે અને યુવાનો નવી પેઢી એને ભરપૂર માણે છે. ચિત્રકલા, સાહિત્ય વગેરેમાં પણ જૂની પેઢીને યોગ્ય ન લાગતા હોય તેવા ફેરફારો થયા છે જેનો નવી પેઢી સહર્ષ સ્વીકાર કરે છે. યુવાન પુત્ર પુત્રીઓ નવી નવી ફેશન પ્રમાણેનાં વસ્ત્રો પહેરે છે, જે મા બાપને ભાગ્યે જ પસંદ હોય છે. નવી પેઢી માટે જે આનંદદાયક છે એ અગાઉની પેઢી માટે ચિંતાજનક છે.

કશુંક ન સમજાય એવું અને ખાસ તો કાબૂ બહારનું બની રહ્યું છે, એમ માણસોને લાગે છે. કાલે નવું વર્ષ બેસી રહ્યું છે ત્યારે સમજવાની વાત એ છે કે આ સૃષ્ટિમાં જો કોઈ કાયમી વસ્તુ હોય તો તે પરિવર્તન છે. નવી વસ્તુ આવે ત્યારે તેનો વિરોધ થાય છે પછી ધીમે ધીમે તેનો સ્વીકાર થઈ જાય છે અથવા તો નવી આવેલી વસ્તુ જૂની થઈ જાય છે અને બદલાઈ જાય છે અથવા તો તેમાં કશો દમ ન હોય તો નાશ પામે છે. આજની તાજી વસ્તુ આવતી કાલે વાસી થઈ જાય છે. સાઇકલની શોધ થઈ ત્યારે ઇંગ્લેન્ડમાં તેનો જબરદસ્ત વિરોધ થયેલો. બે પૈડાંના એ વાહનના અકસ્માતોથી માનવજાતને પારાવાર નુકસાન થવાની દહેશતને કારણે એનો વિરોધ થયો હતો. આજે એ વિરોધ હાસ્યાસ્પદ લાગે છે. સાઇકલ ચલાવનારે લાઇસન્સ લેવું પડતું. છેક ૧૯૪૦ સુધી સાઇકલ રાખવી હોય તો આજે કાર માટે હોય છે તેવું સાઇકલ માટેનું લાઇસન્સ જરૂરી હતું. કેટલીક વસ્તુઓ એવી આવે છે જે આવે ત્યારે નવી હોય છે, પરંતુ બહુ જલદી જૂની અને બિનઉપયોગી સાબિત થઈ જાય છે. એવી વસ્તુ ભૂંસાઈ જાય છે. આવી જ એક વસ્તુ થોડા સમય પહેલાં આવેલી તે હતીઃ પેજર. મોબાઇલ ફોનના આ જમાનામાં બિચારા પેજરને કોણ યાદ કરે છે?

આપણે ત્યાં દાતણથી શરૂ થતો દિવસ હવે ટૂથ બ્રશ અને ટૂથ પેસ્ટથી શરૂ થાય છે. નાસ્તા કે જમવા માટે ડાઈનિંગ ટેબલનો ઉપયોગ થાય છે. બૂફે ડિનર થાય છે. ઊભાં ઊભાં ખવાય? બૂટ, ચંપલ પહેરીને ખવાય? એવા પ્રશ્નો તો થતા જ, પરંતુ આ પરિવર્તનને કોઈ અટકાવી શક્યું નહીં અને એનો સ્વીકાર થયો..

આપણને ગમે કે ન ગમે જીવનમાં નવું નવું બનતું જ રહેવાનું છે. પરિવર્તન આવતું જ રહેવાનું છે. પરિવર્તન એ ચેતન અને જડ બંને ઉપર અસર કરે છે. માનવીની પરિવર્તનને સ્વીકારવાની ક્ષમતા ઘટતી જાય તેમ તેનામાં જડ તત્ત્વ વધતું જાય છે. 'પાકા ઘડે કાંઠા ન ચડે' એ કહેવત એ અર્થમાં જ છે.

કુદરતમાં પરિવર્તનની ક્રિયા સતત ચાલુ જ રહે છે. તેને અટકાવવાનું મનુષ્યનું ગજું નથી. તમે જેવા હો તેવા સ્થિર તો રહી શકવાના જ નથી. કુદરતની સાથે રહીને તમને મનગમતું પરિવર્તન તમે કરી શકો છો અથવા તો કુદરતના પરિવર્તનનો સ્વીકાર કરી શકો છો. રોજિંદા જીવનમાં મતભેદ અને તણાવ ઓછા કરવાનો એક જ રસ્તો છે.

કુદરતના આ અટલ નિયમને સમજીને માણસ પોતાનું જીવન જીવે તો, એટલા અંશે ઘર્ષણ નિવારી શકે અને સુખ શાંતિનો અનુભવ કરી શકે. નવું આવે છે અને જૂનું વિદાય લે છે. 'જૂના'એ ટકી રહેવું હોય તો સતત 'નવા' થતું રહેવું પડે છે.

કારણ કે, આવતી કાલે આજ કરતાં સૂર્ય કે ચંદ્ર થોડો મોડો કે થોડો વહેલો ઊગવાનો છે. ઠંડી કે ગરમી પણ આવતી કાલે થોડી વધારે કે થોડી ઓછી થવાની છે. પવન પણ થોડો વધારે ઓછો ફૂંકાવાનો છે. અનેક કુદરતી ફેરફારો થવાના છે. ફેરફારો શા માટે આવવાના છે કે કયા પ્રકારના આવવાના છે એ ચોક્કસપણે જાણી શકાતું નથી, પરંતુ આપણે એક વાત સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે જગતની દરેક ચીજ હર ક્ષણે પરિવર્તનશીલ છે. અને એટલે જ આજે જે આધુનિક છે એ કાલે પુરાણું બની જવાનું છે. આજે સુંદર અને આકર્ષક લાગતાં વસ્ત્રો કે ફેશન કાલે કદાચ હાસ્યાસ્પદ પણ બની જવાનાં છે.

નવી પેઢી આવે છે, જૂની પેઢી જાય છે. નવી અને જૂની પેઢી વચ્ચે મતભેદો થતા જ આવ્યા છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમાં ખાસ્સો વધારો થઈ રહ્યો છે અને એનું એક કારણ ઝડપથી થતું પરિવર્તન છે.

અને જેટલું ઝડપી પરિવર્તન એટલું (પેઢીઓ વચ્ચેનું) વધારે ઘર્ષણ. વેલેન્ટાઈન્સ ડેની વાતથી જ કેટલાક માણસોનાં દિમાગ ગરમ થઈ જાય છે. એવું જ આજની પાર્ટીઓ માટે છે. એ બધું સારું છે એમ નહીં, પણ એ બધાંને આવતું રોકી શકાય તેમ નથી. ક્યારેક એમ લાગે છે કે માણસજાત બે ડગલાં આગળ ચાલે છે અને વળી એકાદ બે ડગલાં પાછળ ચાલે છે. જ્યારે તે એકસાથે વધારે ડગલાં આગળ કે પાછળ ચાલે છે ત્યારે સમાજમાં હલચલ મચી જાય છે. ખરેખર તો નવી પેઢીએ સ્પીડ ઘટાડવાની જરૂર છે અને જૂની પેઢીએ પરિવર્તનનો સ્વીકાર કરવાની જરૂર છે. ખાસ કરીને મા બાપે પોતાનાં સંતાનો વિશે સાચી સમજણ કેળવવાની જરૂર છે. એ બાબતમાં કવિ જિબ્રાને જે કહ્યું છે તે યાદ રાખવા જેવું છે.

Your Children are not your Children.

They are the sons and daughters of Life's longing for itself.

They come through you but not from you.

And though they are with you yet they do not belong to you.

You may give them your love but not your thogths.

For they have their own thoughts.

You may house their bodies but not their souls.

For their souls dwell in tha house of tomorrow, which you can not visit, not even in your dreams.

You may strive to be like them, but seek not to make them like you.

For life goes not backward not tarries with yesterday.

તમારાં સંતાનો એ માત્ર તમારાં સંતાનો નથી. (પરંતુ) તેઓ જીવનની ઝંખનાની અભિવ્યક્તિનાં પુત્ર  પુત્રીઓ છે. તેઓ તમારા દ્વારા જન્મ લે છે છતાં તેઓ તમારી પ્રતિકૃતિ નથી અને તમારી સાથે હોવા છતાં તેઓ તમારી માંહેનાં નથી.તમે તેઓને તમારો પ્રેમ આપી શકો, પરંતુ તમારા વિચારો નહીં, કારણ કે તેઓને તેમના પોતાના વિચારો છે.તમે તેમના દેહને ધારણ કરી શકો છો, પરંતુ આત્માને નહીં. તેમનો આત્મા તો આવતી કાલના દેહમાં વસે છે, જેની તમે ક્યારેય મુલાકાત લઈ શકવાના નથી, સ્વપ્નમાં પણ નહીં.તમે એમના જેવા થવા પ્રયત્ન કરી શકો, પરંતુ તેમને તમારા જેવા બનાવવાની ક્યારેય ઈચ્છા ન રાખશો, કારણ કે જીવન ક્યારેય ઊલટું ચાલતું નથી કે ગઈકાલ માટે થોભી જતું નથી.